PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST
Assistant Professor Geologist, Class I, Advt No. 109/2016-17(AXT)
Preliminary Test on 09-04-2017
Subeject Que : 001 - 100
Publish Date : 12-04-2017
Last Date to send suggestion(s) :19-04-2017
Note: Candidate must ensure the compliance to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only.

**001.** ભારતમાં નીચે દર્શાવેલ ભાષા-સમૂહમાંથી કયો ભાષા-સમૂહ સૌથી વધુ છે?

(A) ચીની-તિબ્બતી (કિરાત)
(B) આસ્ટ્રિક (નિષાદ)
(C) ભારતીય-યુરોપીય (આર્ય)
(D) દ્રવિડ

**002.** માનવ વિકાસ સૂચકાંક અનુસાર ભારતના નીચે દર્શાવેલ રાજ્યો પૈકી ક્યા રાજ્યની કક્ષા આગળ છે?

(A) કેરલ
(B) હિમાચલપ્રદેશ
(C) પંજાબ
(D) હરિયાણા

**003.** વર્ષ 2011 ની વસ્તી ગણતરીમાં ભારતની શ્રમજીવી વસ્તી સંખ્યાને કેટલા મુખ્ય વર્ગોમાં વહેંચવામાં આવેલ છે?

(A) 2
(B) 3
(C) 4
(D) 6

**004.** કોફીના ઉત્પાદનમાં ભારતનું વિશ્વમાં કેટલામું સ્થાન છે?

(A) 5
(B) 7
(C) 6
(D) 8

**005.** ઓરિસ્સામાં નીચે દર્શાવેલ ખનીજો પૈકી ક્યા ખનીજનું ઉત્પાદન સૌથી વધુ થાય છે?

(A) અબરખ
(B) લોખંડ
(C) બોક્સાઈટ
(D) તાંબુ

**006.** શેરશાહ સૂરીએ કોલકત્તાથી પેશાવર સુધીનો રાજમાર્ગ બનાવેલ હતો, જેને અંગ્રેજના શાસન દરમ્યાન નવું નામ ગ્રાંડ ટ્રંક રોડ આપવામાં આવેલું, હાલમાં તે ક્યા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે ઓળખાય છે?

(A) એનએચ-1
(B) એનએચ-2
(C) એનએચ-3
(D) એનએચ-1 તથા એનએચ-2

**007.** સિંધુ નદી ભારતના ક્યા સ્થળ પાસેથી પાકિસ્તાનમાં પ્રવેશે છે?

(A) દમચૌક
(B) મીરપુર
(C) ચિલ્લડ
(D) મુઝફ્ફરાબાદ

008. ધી ઈન્ડિયન આયર્ન એન્ડ સ્ટીલ કંપનીનું પ્રથમ કારખાનું ક્યાં સ્થાપાયું હતું?

(A) હીરાપુર (B) મીરપુર

(C) કુલ્ટી (D) કોલકત્તા

009. 15 ઓગસ્ટ, 1950ના દિવસે રીક્ટર સ્કેલ - 8.7 ની તીવ્રતા ધરાવતો ભૂકંપ ભારતમાં ક્યા સ્થાને આવેલ હતો?

(A) અરૂણાચલ પ્રદેશ (B) આંદામાન દ્વીપસમૂહ

(C) કચ્છ (D) શિલોંગ

010. નીચે દર્શાવેલ રાષ્ટ્રીય ઉધ્યાનો, અભ્યારણ્યો પૈકી ક્યા રાષ્ટ્રીય ઉદ્યાન/અભ્યારણ્યમાં જંગલી ભેંસ જોવા મળે છે?

(A) કાન્હા (B) કાઝીરંગા

(C) ગીર (D) કોર્બેટ

011. તમિલનાડુના મુપ્પનડલ-પેરુંગુડી ક્યા અક્ષયઉર્જા સ્રોતના મહત્વના કેન્દ્ર તરીકે પ્રચલિત છે?

(A) સૌર ઉર્જા (B) ભૂ-તાપીય ઉર્જા

(C) પવન ઉર્જા (D) જૈવ ઉર્જા

012. નીચે દર્શાવેલ ક્યા સ્ટેશન ખાતે રેલ્વેના ત્રણેય ગેજ (નેરોગેજ, મીટરગેજ, બ્રોડગેજ) આવેલા છે?

(A) ન્યૂ દિલ્હી (B) સિલીગુરી

(C) મથુરા (D) સિમલા

013. વડોદરા રાજ્ય સંગીતનું આશ્રયદાતા રાજ્ય હતું. નીચે દર્શાવેલ કલાકારો પૈકી વડોદરા રાજ્ય દ્વારા કોને આશ્રય મળેલ ન હતો?

(A) ઉસ્તાદ મૌલાબક્ષ (B) ઉસ્તાદ ફૈયઝખાન

(C) પંડિત વિષ્ણુ નારાયણ (D) ઉસ્તાદ ઈન્યાત હુસેનગાન

014. ભારતમાં મહિલાઓ માટેનું પ્રથમ ગુજરાતી ભાષામાં સામયિક - ''સ્ત્રી બોધ'' પારસી અને હિન્દુ સુધારાવાદીઓ દ્વારા ક્યા વર્ષમાં પ્રકાશિત કરવામાં આવેલ હતું?

(A) 1832 (B) 1857

(C) 1861 (D) 1865

015. અંધશ્રદ્ધા, જડતા અને અસમાનતા ઉપર કવિ નર્મદનું અસરકારક રૂપાત્મક કાવ્ય ક્યુ છે?

(A) હિન્દુઓની પડતી (B) રાજ્યરંગ

(C) રૂદનરસિક (D) મારી હકિકત

016. નીચેના પૈકી ક્યુ લોકનૃત્ય બનાસકાંઠા વિસ્તારનું નથી?

(A) મેરાયો (B) ચાળો

(C) કાનુડો (D) સાંઢણી

017. પ્રાચીન સમયમાં ચિત્રકળા માટે જરૂરી તમામ રંગ ઉપલબ્ધ હતા, સિવાય કે એક રંગ, જે વર્તમાન પાકિસ્તાનમાંથી મેળવવામાં આવતો તે રંગ નીચે પૈકી ક્યો છે?

(A) ગેરુ (B) લાપિઝ લઝૂલી

(C) લાપિઝી લીલો (D) લાપિઝ કઝૂલી

018. યાદી ક માં વિસ્તાર અને ખ માં ક્યા પ્રકારની પાઘડી પહેરવામાં આવતી તેની વિગત છે, જે યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો

| ક | ખ |
|---|---|
| (I) ગોંડલ | - (1) આંટિયાળી |
| (II) ઓખા પ્રદેશ | - (2) ખૂંપાવાળી |
| (III) મોરબી મરછુકાંઠા | - (3) ચાંચવાળી |
| (IV) બરડા | - (4) ઈંઢોણી આકારની ગોળમટોળ |

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 3 | 1 | 2 | 4 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 1 | 3 | 4 | 2 |

019. નીચે પૈકી ક્યું વાદ્ય તંતુવાદ્ય છે?

(A) પાવરી (B) કાંસીજોડા

(C) સુરંદો (D) રમઝોળ

020. પંજાબનું ''જંગમ'' કઈ કળા/પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે?

(A) ગાયન (B) નાટ્ય

(C) વાદન (D) દશ્ય

021. પ્રખ્યાત હોર્નબિલ ઉત્સવા કયા રાજ્યમાં આયોજિત કરવામાં આવે છે?

(A) મણિપુર
(B) મિઝોરમ
(C) મેઘાલય
(D) નાગાલેન્ડ

022. નાગર અને દ્રવિડ મંદિર નિર્માણ શૈલીઓની મિશ્રિત શૈલી એવી ''વેસર'' શૈલી ગુજરાતમાં કયા નામે ઓળખાય છે?

(A) હોયશાલા શૈલી
(B) ચોલ શૈલી
(C) વાઘેલા શૈલી
(D) ચાલુક્ય શૈલી

023. નૃત્યક્ષેત્રમાં સુનીલ કોઠારીની આગવી ઓળખ શું?

(A) નૃત્ય દિગ્દર્શક
(B) ગુજરાતના એકમાત્ર ઓડિસી નૃત્યકાર
(C) નૃત્ય ઈતિહાસજ્ઞ
(D) નૃત્યનાટકોના લેખક

024. વિકટોરિયા જ્યુબિલી મ્યુઝીયમ નીચે પૈકી કયા સ્થળે આવેલ છે?

(A) કોલકત્તા
(B) વિજયવાડા
(C) ન્યૂ દિલ્હી
(D) મુંબઈ

025. હાથીના અવશેષો હડપ્પાના નીચે પૈકી કયા સ્થળેથી મળી આવ્યા છે?

(A) લોથલ
(B) રંગપુર
(C) ધોળાવીરા
(D) રોજડી

026. પુરાતત્વવિદ્ રોબર્ટ બ્રુસફુટનું નામ ગુજરાતમાં કયા યુગના અવશેષો શોધવા માટે પ્રખ્યાત છે?

(A) આદિઅશ્મયુગ
(B) નવાશ્મયુગ
(C) લોહયુગ
(D) ઉપર પૈકી એકપણ નહીં

027. પલ્લવ રાજા મહેન્દ્રવર્મન પહેલો નીચેના પૈકી કોનાથી પરાજિત થયો હતો?

(A) પુલકેશી બીજો
(B) વિક્રમાદિત્ય બીજો
(C) યજનવર્મન
(D) પુલકેશી પહેલો

028. હિંદુઓ પરત્વેની અકબરની નીત્તિના સંદર્ભમાં નીચેના પૈકી કયુ વિધાન સાચું છે?

(A) તેણે યાત્રા વેરો નાબૂદ કરેલ પરંતુ જઝિયા વેરો ચાલુ રાખેલ હતો.
(B) તેણે જઝિયા વેરો નાબૂદ કરેલ પરંતુ યાત્રા વેરો ચાલુ રાખેલ હતો.
(C) તેણે યાત્રા વેરો અને જઝિયા વેરો બંને નાબૂદ કરેલ હતા.
(D) તેણે યાત્રા વેરો અને જઝિયા વેરો નાબૂદ કરેલ ન હતો.

029. અલ્લાઉદ્દીનના રણથંભોરના મુકામ સમયે તેની સાથે કયો પ્રખ્યાત કવિ સામેલ હતો?

(A) બરાની

(B) ઈસામી

(C) ઈબ્ન-બતૂતા

(D) અમીર ખુશરો

030. કલ્હણ દ્વારા રાજતરંગિણી કઈ સદીમાં લખાયેલ હતી?

(A) દસમી સદી

(B) અગિયારમી સદી

(C) બારમી સદી

(D) તેરમી સદી

031. માઉન્ટ આબુ પાસે મોહમ્મદ ઘોરીને કોણે પરાજય આપેલ હતો?

(A) ભીમદેવ સોલંકી પહેલો

(B) ભીમદેવ સોલંકી બીજો

(C) વિજય દેવ

(D) ઉપર પૈકી એકપણ નહીં

032. ગુજરાતમાં ગુપ્ત વંશના શાસન બાદ કયા વંશના શાસકોએ ઈ.સ. પાંચમીથી આઠમી સદી દરમ્યાન શાસન કરેલ હતું?

(A) મૈત્રક વંશ

(B) સોલંકી વંશ

(C) ચાલુક્ય વંશ

(D) પરિહાર વંશ

033. “ઝંડા સત્યાગ્રહ” અને તા.18-6-1923 ના રોજ ઓલ ઈન્ડિયા ફ્લેગ ડે ની ઉજવણી માટે નીચે પૈકી કયુ શહેર પ્રચલિત છે?

(A) કાનપુર

(B) નાગપુર

(C) નૈનિતાલ

(D) ભોપાળ

034. અખિલ ભારતીય ખિલાફત અધિવેશનનું વર્ષ 1919 માં નીચે પૈકી કયા સ્થળે આયોજન થયેલ હતું?

(A) લખનૌ

(B) સૂરત

(C) દિલ્હી

(D) અલીગઢ

035. ગવર્નર જનરલ લોર્ડ એલન બરોના સમયમાં નીચે દર્શાવેલ કયા એક્ટથી ગુલામીને ગેરકાયદેસર જાહેર કરવામાં આવેલ હતી?

(A) એક્ટ-VI (છ)

(B) એક્ટ-V (પાંચ)

(C) એક્ટ-III (ત્રણ)

(D) એક્ટ-VIII (આઠ)

**036.** ઈ.સ. 1879 માં નીચે દર્શાવેલ આંદોલનકારીઓ પૈકી કોના દ્વારા ‘‘ધી બેંગાલી’’ વર્તમાનપત્ર શરૂ કરવામાં આવેલ હતું?

(A) સુરેન્દ્રનાથ બેનરજી (B) આનંદમોહન બોઝ
(C) નાબાગોપાલ મિત્રા (D) રાજનારાયણ બાસુ

**037.** કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી કયા વિકલ્પનો સમાવેશ મૂડી ખાતા હેઠળની આવક (જમા) માં થતી નથી?

(A) ઋણ વસૂલી
(B) દેવાથી પ્રાપ્ત થતી આવક
(C) નાની બચત યોજનામાંથી થતી આવક
(D) સરકારે આપેલા ધિરાણ પર મળનારા વ્યાજની આવક

**038.** 1. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદી પાછળનું ખર્ચ ગણાતું નથી.
2. પેન્શન, બેકારી ભથ્થું રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ગણાતું નથી.
3. સબસિડી જેવા ખર્ચાઓ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી.

(A) વિધાન-1 સાચું છે. (B) વિધાન 1 અને 2 સાચા છે.
(C) વિધાન 2 અને 3 સાચા છે. (D) વિધાન 1, 2 અને 3 સાચા છે.

**039.** સમાનગુણી વસ્તુઓ કયા બજારનું લક્ષણ છે?

(A) પૂર્ણ હરિફાઈ (B) ઈજારો
(C) ઈજારાયુક્ત હરિફાઈ (D) તીવ્ર હરિફાઈ

**040.** નીચે પૈકી કયો વિષય/થીમ બજેટ 2017-18 ની વિગતવાર કાર્યસૂચિનો ભાગ નથી?

(A) જાહેર સેવા (B) કૃષકો
(C) વિમુદ્રીકરણ (D) ગ્રામીણ જનતા

**041.** બજેટ 2017-18 મુજબ-

(1) E–NAM કાર્યક્રમનો વ્યાપ વધારીને હવે તેના હેઠળ 585 ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ સમાવિષ્ટ થશે.
(2) રૂ. 2,50,000 થી રૂ. 5,00,000 ની આવક પર આવક કર 5% લાગશે.

(A) વિધાન (1) સાચું છે.
(B) વિધાન (2) સાચું છે.
(C) વિધાન (1) અને (2) બંને ખોટાં છે.
(D) વિધાન (1) અને (2) બંને સાચા છે.

042. ભારતની નવી વિદેશ વેપાર નીતિ મુજબ ભારતનો નિકાસ લક્ષ્યાંક કયા વર્ષો માટે નિર્ધારીત કરવામાં આવ્યો છે?

(A) વર્ષ 2015-2020 (B) વર્ષ 2015-2016

(C) વર્ષ 2015-2018 (D) વર્ષ 2015-2019

043. ચેક ઉપર આઈએફએસસી કોડની જે વિગત છાપેલી હોય છે, તેમાં છેલ્લા છ આંકડાથી કોની માહિતી મળી શકે છે?

(A) ખાતાનો પ્રકાર (B) ધંધાનો પ્રકાર

(C) બેંકની શાખાનું નામ (D) બેંકનુ નામ

044. "ધી મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમ (MPLADS)" અંતર્ગત સંસદ સભ્યને પ્રતિવર્ષ કેટલી રકમની ફાળવણી કરવામાં આવે છે?

(A) 1 કરોડ (B) 2 કરોડ

(C) 5 કરોડ (D) 4 કરોડ

045. ધી સ્પેશ્યલ ઈકોનોમીક્સ ઝોન્સ એક્ટ કયા વર્ષમાં અમલમાં આવેલ છે.

(A) ઈ.સ. 2005 (B) ઈ.સ. 2006

(C) ઈ.સ. 2007 (D) ઈ.સ. 2008

046. (1) સીક્યોરીટી એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના સીક્યોરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એક્ટ, 1972 હેઠળ થયેલ છે.

(2) આ ટ્રીબ્યુનલ 1997 થી કાર્યરત થયેલ છે.

(3) વર્ષ 2003 થી ટ્રીબ્યુનલમાં સભ્ય સંખ્યા 03 ની કરવામાં આવી છે.

(4) આ એપેલેટ ટ્રીબ્યુનલના કાર્યક્ષેત્રમાં આવતી બાબતોમાં સિવિલ કોર્ટનો ક્ષેત્રાધિકાર નથી.

(A) વિધાન (1) સાચું છે.

(B) વિધાન (1) અને (2) સાચાં છે.

(C) વિધાન (1) અને (3) સાચાં છે.

(D) વિધાન (1) (2) (3) અને (4) સાચાં છે.

047. ભારતીય મહિલા બેંક વર્ષ 2013 માં કાર્યરત થયેલ છે, તેમાં સરકારે શરૂઆતના તબક્કે કેટલા રૂપિયાનું ફંડ બેંકને આપેલ?

(A) રૂ. 500 કરોડ (B) રૂ. 1000 કરોડ

(C) રૂ. 1500 કરોડ (D) રૂ. 700 કરોડ

048. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત શરૂ થયેલ મુદ્રા બેંક દ્વારા પ્રારંભિક તબક્કે ત્રણ યોજનાઓ શરૂ કરેલ છે. તેના નામ નીચે મુજબ રાખેલ છે.
(A) શિશુ, કિશોર અને તરૂણ
(B) સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ
(C) કૃષક, શ્રમિક અને સીમાંત ધંધાદારી
(D) ઉપર પૈકી એકપણ નહીં

049. ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનના આધારે ભેદભાવો પર પ્રતિબંધ, બંધારણના કયા અનુચ્છેદમાં વર્ણવેલ છે?
(A) અનુચ્છેદ 14
(B) અનુચ્છેદ 15
(C) અનુચ્છેદ 16
(D) અનુચ્છેદ 17

050. કેન્દ્રિય સતર્કતા આયોગની રચના કઈ સમિતિની ભલામણથી કરવામાં આવી હતી?
(A) મંડલ સમિતિ
(B) તેજબહાદુર સપ્રુ સમિતિ
(C) સ્વર્ણસિંહ સમિતિ
(D) કે. સંથાનલ સમિતિ

051. નિયંત્રક મહાલેખા પરીક્ષકના પગાર અને સેવાની બીજી શરતો નક્કી કરવાની સત્તા કોની છે?
(A) વડા પ્રધાનની
(B) રાષ્ટ્રપતિની
(C) સંસદની
(D) ભારત સરકારના નાણા મંત્રાલયની

052. ભારતના સંવિધાનના આમુખમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ______ વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને તેને અપનાવવાની જોગવાઈ છે.
(A) ન્યાયપૂર્ણ પદ્ધતિ
(B) સ્વતંત્રતા
(C) સમાનતા
(D) બંધુતા

053. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં "રાજ્ય, પર્યાવરણનું જતન અને એમાં સુધારણા કરવાનો અને દેશનાં જંગલો અને વન્ય પશુપક્ષીઓનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે-" તેવી જોગવાઈ અનુચ્છેદ 48ક માં કયા બંધારણીય સુધારાથી કરવામાં આવેલ છે?
(A) છયાંશીમા
(B) બેતાલીસમાં
(C) સાતમા
(D) બાવનમા

054. રાજ્યસભામાં રાજ્યોના અને સંઘ રાજ્યક્ષેત્રોના પ્રતિનિધિઓથી પૂરવાની બેઠકોની ફાળવણી બંધારણની અનુસૂચિમાં તે અર્થે જણાવેલી જોગવાઈઓ અનુસાર થશે.
(A) બીજી
(B) ત્રીજી
(C) ચોથી
(D) સાતમી

**055.** કયા વર્ષ પછી કેટલી પ્રથમ વસ્તી ગણતરીને લગતા આંકડા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી અનુચ્છેદ 82 હેઠળ સન 1971ની વસ્તી ગણતરીના આધારે ફેરગોઠવણી કર્યા પ્રમાણે રાજ્યોને ફાળે આવતી લોકસભાની બેઠકોની ફેરગોઠવણી કરવાની જરૂર રહેશે નહીં?

(A) 2021 (B) 2026

(C) 2030 (D) 2025

**056.** અમુક સંજોગોમાં બન્ને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવાની સત્તા રાષ્ટ્રપતિને સંવિધાનના કયા અનુચ્છેદ હેઠળ મળેલ છે?

(A) અનુચ્છેદ-106 (B) અનુચ્છેદ-107

(C) અનુચ્છેદ-108 (D) અનુચ્છેદ-109

**057.** ઉચ્ચતમ ન્યાયાલયમાં મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના કોઇ ન્યાયાધીશની નિમણૂંકની બાબતમાં રાષ્ટ્રપતિ દ્વારા કોની સાથે વિચાર વિનિમય કરવાની જોગવાઇ છે?

(A) વડાપ્રધાન (B) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

(C) કેન્દ્રિય કાયદા પ્રધાન (D) કેન્દ્રિય કાયદા સચિવ

**058.** રાજ્યપાલ "વાર્ષિક નાણાકીય પત્રક" રાજ્યમાં વિધાનમંડળના ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરાવશે તેવી જોગવાઇ સંવિધાનના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-200 (B) અનુચ્છેદ-201

(C) અનુચ્છેદ-202 (D) અનુચ્છેદ-203

**059.** સંવિધાનના અનુચ્છેદ 340 માં ભારતના રાજ્યક્ષેત્રની અંદર પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે આયોગની નિમણૂંક કરવાની જોગવાઇ છે. આ આયોગ કેટલી વ્યક્તિઓનું હોય છે?

(A) 1 (B) 2

(C) 3 (D) રાષ્ટ્રપતિશ્રીને યોગ્ય લાગે તેટલી વ્યક્તિઓ

**060.** સંવિધાનના અનુચ્છેદ 280 હેઠળ રચવામાં આવતા નાણા આયોગમાં અધ્યક્ષ ઉપરાંત બીજા કેટલા સભ્યોનું બનેલું હોય છે?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

**061.** બોલ પોઈન્ટ પેનની શોધ નીચેના પૈકી કોણે કરી હતી?

(A) જહોન જે. લીઉડ (B) લેવિસ ઈ. વોટરમેન

(C) જહોન વોકર (D) ઈલ્યિાસ હોવે

**062.** એટમબોંબના શોધક નીચે પૈકી કોણ છે?

(A) જહોન બ્રાઉનીંગ (B) આલ્ફ્રેડ નોબેલ

(C) જે. રોબટ ઓપન હૈમર (D) પી વોન મૌસર

**063.** વાણિજ્યક હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવનાર પહેલુ કોમ્પ્યુટર કયુ હતું?

(A) UNIVAC (B) EDSAC

(C) MANIC (D) ENIAC

**064.** ફાસ્ટ બ્રીડર રીએક્ટર (Fast Breeder Reactor) માં ''ફાસ્ટ-ઝડપી'' શબ્દ શું સૂચવે છે?

(A) રીએક્ટરની ઝડપ (B) ઈંધણ વપરાશની ઝડપ

(C) વિદ્યુત નિર્માણની ઝડપ (D) ન્યુટ્રોનની ગતિ

**065.** કાર્બન ડાયોક્સાઈડના અવલોકન માટે ટાનસેટ નામના ઉપગ્રહનું સફળ લોન્ચ કરનાર દેશ કયો છે?

(A) જાપાન (B) ચીન

(C) દક્ષિણ કોરીયા (D) વિયેટનામ

**066.** હવામાનની સચોટ આગાહી કરવા માટે તાજેતરમાં કયા સ્થળે ડોપલર રડાર રાખવામાં આવ્યું?

(A) ભૂજ (B) નડાબેટ

(C) થિરૂવનંથપુરમ્ (D) રામેશ્વરમ્

**067.** 1. કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના સપ્ટેમ્બર 1974 માં થયેલ છે.

2. ધી ઈ-વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ, 2011 માં જાહેર થયેલા છે.

(A) વિધાન- 1 સાચું છે. (B) વિધાન-2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને 2 બંને ખોટા છે.

068. 1. તામિલનાડુમાં ઉટાકામંડ નજીક નિલગીરીની ટેકરી પર રેડિયોટેલિસ્કોપ આરે (Radiotelescope Array) સ્થાપિત કરવામાં આવેલ છે.

2. પુના પાસે નારાયણ ગામમાં જાયન્ટ મીટ્રે વેવ રેડિયોટેલિસ્કોપ (Giant Metre Wave Radiotelescope) સ્થાપિત કરવામાં આવેલ છે.

(A) વિધાન (1) ખોટું છે.

(B) વિધાન (2) ખોટું છે.

(C) વિધાન (1) અને (2) બંને ખોટા છે.

(D) વિધાન (1) અને (2) બંને સાચા છે.

069. ''અક્ષ'', ''અસ્ત્ર'' અને ''નિર્ભય'' નામાભિધાન નીચે પૈકી કોને આપવામાં આવેલ છે?

(A) મિસાઈલ
(B) રડાર
(C) લડાકુ વિમાન
(D) સબમરીન

070. LASER નું પુરું નામ શું છે?

(A) Light Amplification by silent Evolution Range

(B) Light Amplification by stimulated Emission of Radiation

(C) Light Amplification by slow Radiation

(D) Light Amplifier by steady Echo Raning

071. નીચે દર્શાવેલ ઈંધણ પૈકી સૌથી ઓછું પ્રદૂષણ શાનાથી થાય છે?

(A) કોલસો
(B) પેટ્રોલ
(C) ડિઝલ
(D) હાઈડ્રોજન

072. આયોડીનયુક્ત મીઠામાં હોય છે ________ .

(A) પોટેશિયમ આયોડાઈડ
(B) કેલ્શિયમ આયોડાઈડ
(C) મુક્ત આયોડીન
(D) ઉપર પૈકી એકપણ નહી.

073. 50 છોકરા-છોકરીઓ વચ્ચે રૂા. 41 વહેંચવામાં આવે છે. દરેક છોકરાને 65 પૈસા અને દરેક છોકરીને 90 પૈસા મળે છે તો છોકરીઓની સંખ્યા કેટલી હોય?

(A) 34
(B) 17
(C) 32
(D) 30

**074.** 1024, 256, 64, ______ , 4.

(A) 12 (B) 32

(C) 16 (D) 18

**075.** 6, 8, 17, 31, 48, ___?___

(A) 66 (B) 68

(C) 64 (D) 70

**076.** 1500ના % = 1200 ના 75%

(A) 40 (B) 50

(C) 60 (D) 80

**077.** એક પાણીની ટાંકીની ક્ષમતા 80 લિટરની છે. ક નળથી આ ટાંકી 3 કલાકમાં ભરાય છે. અને બ નળથી ટાંકી 12 કલાકમાં ખાલી થાય છે. બંને નળ (ક તથા બ) એકીસાથે ચાલુ કરવામાં આવે છે. 16 લિટર પાણી કેટલા કલાકમાં ભરાઈ શકે?

(A) $\frac{3}{5}$ (B) $\frac{1}{2}$

(C) $\frac{4}{5}$ (D) $\frac{1}{5}$

**નીચેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી પ્રશ્ન ક્રમાંક 78 થી 80 ના જવાબો આપો.**

(i) આઠ વ્યક્તિઓ A, B, C, D, E, F, G, H ઉત્તર તરફ મોં કરીને એક લાઈનમાં ઉભા છે.

(ii) E ની જમણી બાજુ ચોથા ક્રમે A છે.

(iii) D ની ડાબી બાજુ ચોથા ક્રમે H છે.

(iv) C અને F એ બન્ને લાઈનમાં અંતિમસ્થાનો પર નથી તથા અનુક્રમે B અને E તેમના પાડોશીઓ છે.

(v) A ની તરત જ ડાબી બાજુ H છે તથા A નો પાડોશી B છે.

**078.** F નું સ્થાન ક્યુ હશે?

(A) E ની તરત જ જમણી બાજુ (B) G ની તરત જ જમણી બાજુ

(C) D ની જમણી બાજુ છઠ્ઠા ક્રમે (D) G અને H ની વચ્ચે

**079.** નીચેનામાંથી ક્યું વિધાન સાચું નથી?

(A) H અને F નો પાડોશી G છે

(B) A ની તરત જ જમણી બાજુ B છે

(C) ડાબી બાજુ અંતિમસ્થાન પર E છે

(D) B ની તરત જ જમણી બાજુ D છે.

**080.** D ના પાડોશી કોણ છે?

(A) ફક્ત F

(B) ફક્ત C

(C) B અને C

(D) નિર્ધારીત ન કરી શકાય

**081.** નીચે દર્શાવેલ અક્ષરોમાં ચોક્કસ ક્રમને આધારે જે અક્ષરો બંધબેસતા નથી તેની પસંદગી કરો.

(A) BDFH

(B) JLNP

(C) GIKM

(D) STVX

**082.** એક કાર અ સ્ટેશનથી બ સ્ટેશન પ્રતિકલાક 40 કિ.મી.ની ઝડપે જાય છે અને બ સ્ટેશનથી અ સ્ટેશન પ્રતિકલાક 60 કિ.મી.ની ઝડપે પરત આવે છે. તો પૂરી મુસાફરીની કારની સરેરાશ ઝડપ પ્રતિકલાક કેટલી થાય?


(A) 50 કિ.મી.

(B) 45 કિ.મી.

(C) 48 કિ.મી.

(D) 52 કિ.મી.

**083.** **સૂચના :** નીચે ડાબી બાજુ આપેલ '(X)' પરના ચિત્રને આપેલ ગેડ (ડૉટેડ લાઈન) મુજબ જમણીથી ડાબી બાજુ વાળવામાં આવે, તો જમણી બાજુ આપેલ (1) થી (4) માં દર્શાવેલ ચિત્ર પૈકી ક્યા ચિત્ર જેવું દેખાય?





(A) 1

(B) 2

(C) 3

(D) 4

084. **સૂચના :** નીચે ડાબી બાજુ આપેલ '(X)' પરના ચિત્રને આપેલ ગેડ (ડૉટેડ લાઈન) મુજબ જમણીથી ડાબી બાજુ વાળવામાં આવે, તો જમણી બાજુ આપેલ (1) થી (4) માં દર્શાવેલ ચિત્ર પૈકી ક્યા ચિત્ર જેવું દેખાય?



(X) (1) (2) (3) (4)

(A) 1
(B) 2
(C) 3
(D) 4

085. તાજેતરમાં ગાંધીનગર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તેની સ્થાપના માટે પ્રયત્નશીલ રહેલ પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ કોણ છે?

(A) ગુજરાત રાજ્યના રાજ્યપાલ
(B) ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી
(C) શ્રી દિલીપ માવલંકર
(D) શ્રી નારાયણ મૂર્તિ

086. કચ્છના નીચે પૈકી ક્યા યાત્રાધામ/યાત્રાધામોની વિકાસ કરવાની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી છે?

(A) માતાનો મઢ
(B) ધીણોધર-થાનજાગીર
(C) જેસલ-તોરલ
(D) ઉપરના ત્રણેય

087. તાજેતરમાં નાસાએ એન્ટાર્કિટકાની કઈ આઈસ સેલ્ફના વ્યાપમાં ઘટાડો થવા અંગે અને એના ટૂકડા થવા અંગે અહેવાલ બહાર પાડયો છે?

(A) લાર્સન
(B) ચેમ્ના
(C) ટુબ્રો
(D) કેમિલા

088. છ વખત મેન ઓફ ધી મેચ બનનાર એકમાત્ર ભારતીય ટેસ્ટ ક્રિકેટર કોણ છે?

(A) વિરેન્દ્ર સેહવાગ
(B) આર. અશ્વીન
(C) સચીન તેંડુલકર
(D) વિરાટ કોહલી

089. તાજેતરમાં માનનીય રાષ્ટ્રપતિ દ્વારા વિમોચન કરાયેલ પુસ્તક - "Citizen and Society" ના લેખક કોણ છે?

(A) શેખ અબ્દુલ્લા
(B) ડૉ. મનમોહન સિંહ
(C) ડૉ. હમિદ અન્સારી
(D) ડૉ. અમર્ત્ય સેન

**090.** 2017-18 નું કેન્દ્રિય બજેટ :

(1) ગરીબી રેખા હેઠળના એક કરોડ પરિવારોને મિશન અંત્યોદય હેઠળ ગરીબી રેખાની ઉપર લાવવામાં આવશે.

(2) મનરેગા પ્રોગ્રામ માટે રૂા. 48000 કરોડની ફાળવણી થયેલ છે.

(A) વિધાન (1) સાચું છે

(B) વિધાન (2) સાચું છે

(C) વિધાન (1) અને (2) બંને સાચાં છે

(D) વિધાન (1) સાચું છે પરંતુ (2) ખોટું છે

**091.** નવેમ્બર 2016 માં ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ ક્યાં મળેલ હતી?

(A) દોહા

(B) મારાકેશ

(C) પેરિસ

(D) ટોકિયો

**092.** રશિયાના વિજ્ઞાનીઓએ જાન્યુઆરી 2017 માં એક શસ્ત્રનો પ્રથમ ટેસ્ટ કર્યો છે. આ શસ્ત્ર કોઈપણ આર્મરને ચીરીને 11 હજાર કિ.મી. પ્રતિકલાકની ઝડપે ગોળીબાર કરી શકે છે. સાથે જ પ્રતિસેકન્ડ 3 કિ.મી. ની ઝડપે બોમ્બમારો કરી શકે છે. આ શસ્ત્રનું નામ શું છે?

(A) પુરાગન-1 એમ

(B) ટોર્નાડો-જી

(C) કોટાલીસ્ટીયા-એસવી

(D) રેલગન

**093.** વર્ષ 2016 માં નામદાર સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રગીત બાબતમાં એક ચુકાદો આપેલ છે તેના સંદર્ભમાં - કયુ વિધાન યોગ્ય નથી?

(1) સિનેમા હોલમાં ફિલ્મ શરૂ થતા પહેલાં રાષ્ટ્રગીત વગાડવાનું રહેશે.

(2) હોલમાં હાજર રહેલ વ્યક્તિઓએ રાષ્ટ્રગીતને માન આપવા ઉભા થવાનું રહેશે.

(3) સિનેમા હોલના દરવાજા રાષ્ટ્રગીત ચાલુ હોય તે દરમ્યાન બંધ રાખવાના રહેશે.

(4) રાષ્ટ્રગીત ચાલુ હોય તે દરમ્યાન ઉભા ન થનાર વ્યક્તિ માટે દંડ/સજાની જોગવાઈનો ચુકાદામાં સમાવેશ છે.

(A) વિધાન (1) (2) સાચા છે

(B) વિધાન (2) (3) સાચા છે

(C) વિધાન (1) (2) (3) સાચા છે

(D) વિધાન (4) સાચું છે

**094.** ઓસ્કાર 2017 માં સર્વશ્રેષ્ઠ નિર્દેશકનો એવોર્ડ કોને મળેલ છે?

(A) ડેમિયન શઝૈલ

(B) મહશેલા અલી

(C) રોબર્ટ લેગાતો

(D) બાયરન હાવર્ડ

**095.** ઓલિમ્પિક 1972 માં ત્રણ સુવર્ણ ચન્દ્રક સહિત ચાર ચન્દ્રક મેળવનાર સોવિયેટ રશિયાની જીમ્નેસ્ટીક દ્વારા ખરાબ આર્થિક હાલતના કારણે અમેરિકામાં થયેલ હરાજીમાં ચંદ્રકો તથા અન્ય ટ્રોફિઓ વેચવામાં આવી. આ ખેલાડીનું નામ શું છે?

(A) સોફિયા મુરાટોવા (B) લારિયા લેટીનીના

(C) ઓલ્ગા કોરબુત (D) પોલિના અસ્તાખોવા

**096.** ગુજરાત સરકારનું વર્ષ 2017-18 નું અંદાજપત્ર :

(1) ઝાલોદ ઉમરવાડા, વાંકડા અને તાલાલા માટે ચાર નવા છાત્રાલયો શરૂ કરવામાં આવશે.

(2) વનબંધુ કલ્યાણ માટે રૂા. 12560 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

(3) નવી ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી માટે રૂા. 20 કરોડની ફાળવણી થયેલ છે.

(A) વિધાન (1) સાચું છે.

(B) વિધાન (1) અને (2) સાચા છે.

(C) વિધાન (2) અને (3) સાચા છે.

(D) વિધાન (1) (2) અને (3) સાચા છે.

**097.** વર્ષ 2017 માં જાહેર થયેલા પદ્મશ્રી પુરસ્કારનો કોણે અસ્વીકાર કરેલ છે?

(A) ઉસ્તાદ ઈમરતખાન (B) મુકુંદ નાયક

(C) જીતેન્દ્ર હરિપાલ (D) કૃષ્ણરામ ચૌધરી

**098.** કેન્દ્ર સરકાર દ્વારા શાળાના બાળકોમાં ફુટબોલની રમતને પ્રોત્સાહન મળે તે હેતુથી ક્યા મિશનની શરૂઆત કરવામાં આવેલ છે?

(A) મિશન X (B) મિશન IX

(C) મિશન XI (D) મિશન XII

**099.** સંયુક્ત રાષ્ટ્રની યુનીસેફ એજન્સીના અહેવાલ અનુસાર નીચે દર્શાવેલ ક્યા દેશના બાળકો કુપોષણથી પીડાય છે?

(A) નાઈજીરીયા

(B) નાઈજીરીયા અને સોમાલીયા

(C) દક્ષિણ સૂદાન

(D) નાઈજીરીયા, સોમાલીયા, દક્ષિણ સુદાન અને યમન

**100.** સાર્વજનિક જનવિતરણ પ્રણાલીને (PDS) કેશલેસ કરવામાં ભારતમાં પ્રથમ રાજ્ય નીચે પૈકી ક્યું બન્યું?

(A) મહારાષ્ટ્ર (B) ગોવા

(C) ગુજરાત (D) મધ્યપ્રદેશ